ઓળંગે ગિરી પાંગળો
Press For Disable

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૯ ● અંક : ૧૧ ● જુલાઈ-૨૦૧૩ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

## કોણ કહે વિકલાંગ... અમારી ઊર્જા અખૂટ અપાર



ધીમે ધીમે ઓડિટોરિયમની લાઈટ્સ ઝાંખી થઈને વીરમી ગઈ. ગાઢ અંધકાર છવાયો...પરદો ઉઘડ્યો. નળાકાર લાંબી ટોપીઓ




પહેરેલા કલાકારો પ્રગટ થયા. ગીત-સંગીત અને પ્રતિ ક્ષણે બદલાતી રંગબેરંગી લાઈટ્સ વચ્ચે એમણે સૂફી ડાન્સ રજૂ કર્યો. એ કલાકૃત્તિ માણતાં ઓડિયન્સમાં ઘણાની આંખો ભીની થઈ ગઈ... આટલું વાંચીને તમે ભૂલથી પણ વિચારો કે આમાં શી ધાડ મારી ?



એ પહેલાં કહી દઉં : એક્કે-એક ડાન્સર વ્હીલચેરમાં બેસીને ડાન્સ કરતો હતો, પરંતુ આ ડાન્સર્સનો ઉત્સાહ અને થનગનાટ કોઈ પણ સશક્ત કલાકાર કરતાં અનેક ગણા વધુ હતા. જાણે ઊર્જાનો અખૂટ

વંદે પરમાનંદ માધવમ્...જેની કૃપા મૂંગાને બોલતો, પાંગળાને પહાડ ચઢતો કરે છે એવા પરમ આનંદ સ્વરૂપ ભગવાન શ્રી કૃષ્ણને હું પ્રણામ કરું છું. આ શ્લોક ને ચરિતાર્થ થતો જોવો હોય તો આ કહેવાતા વિકલાંગ બાળકોનો ભરતનાટ્યમનો પ્રોગ્રામ એકવાર અચૂક માણવો જોઈએ.

અરૂણિમા સિંહાનો કિસ્સો તાજો છે. ઈન્ડિયન નેશનલ વોલીબોલ ટીમની ભૂતપૂર્વ પ્લેયર આ અરૂણિમાને લૂંટવાનો પ્રયાસ કરનારા ટપોરીને જ્યારે એમ લાગ્યું કે એ સફળ નહીં થાય ત્યારે એણે દિલ્હીમાં અરૂણિમાને દોડતી ટ્રેનમાંથી બહાર ફંગોળી દીધી. પેલીનો એક પગ ટ્રેન નીચે આવી

કરવાનો નિર્ણય લીધો અને પ્રોસ્થેટિક (કૃત્રિમ) પગ પહેરીને ગયા મહિને દરિયાની સપાટીથી ૮,૮૪૮ ફૂટ ઊંચો એવરેસ્ટ સર કરી આવી. આ જેવી તેવી સિદ્ધિ નથી. જન્મજાત કે અરૂણિમાની જેમ આકસ્મિક, એકાદ અંગ ગુમાવનાર વ્યક્તિમાં પણ અખૂટ ઊર્જા હોય છે. એ હકીકત પુરવાર કરતી એક અદ્ભૂત સંસ્થા ભારત સહિત દુનિયા આખીમાં સક્રિય છે- ''એબિલિટિઝ અનલિમિટેડ.'' એનો સરળ ભાવાર્થ આ લેખના હેડિંગમાં ''અખૂટ કે અપાર ઊર્જા'' એવો કર્યો છે. કાખઘોડી સાથે કે વ્હીલચેરમાં બિરાજેલા આ કલાકારો જ્યારે સ્ટેજ પર ભરતનાટ્યમ્ શૈલીમાં રામાયણ કે મહાભારત પર આધારિત ડાન્સ-ડ્રામા રજૂ કરે ત્યારે જોનારા સ્થળ-કાળનું ભાન ભૂલીને આંખનો



પલકારોય માર્યા વિના જોયા કરે છે. પ્રોગ્રામ પૂરો થાય અને પરદો પડે ત્યારે ઊભા થવાની પણ ઈચ્છા ન રહે એવો કલા-કસબ આ લોકો દેખાડે છે. કોણ કહેશે કે આ કલાકારો અપંગ છે...?

અહીં એક ઔર વાત. એબિલિટિઝ અનલિમિટેડમાં જાણ્યે અજાણ્યે કોમી એખલાસ સિદ્ધ થઈ ચૂક્યો છે. આ બધા કલાકારોને ભરતનાટ્યમ્ જેવી નૃત્યકલા શીખવનાર ગુરુજી પોતે મુસ્લિમ છે. ડૉક્ટર સૈયદ પાશા એમનું નામ. મોટા ભાગના અશક્ત કલાકારો હિન્દુ છે. આ લોકો મળીને રામાયણ-



માત્ર સંગીત-નૃત્ય આધારિત પ્રોગ્રામો જ કરે છે એવું નથી. એ તો દરેક અશક્તને એની ખૂબી - ખામી ધ્યાનમાં રાખીને વિવિધ વ્યવસાયિક અભ્યાસક્રમ પણ કરાવે છે. જેથી સંબંધિત વ્યક્તિ સ્વમાનભેર રોજીરોટી રળી-કમાઈ શકે. આ સંસ્થાએ ઓછામાં ઓછા ડઝનેક વ્યવસાયિક અભ્યાસક્રમો તૈયાર કર્યા છે જે દરેક પ્રકારની શારીરિક અશક્તિ ધરાવતી વ્યક્તિને ઉપયોગી થઈ પડે. બીજો લાભ આ સંસ્થાને એ છે કે એ ન નફો ન નુકશાન ધોરણે ચાલતી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. આંતરરાષ્ટ્રીય હોવાથી વૈચારિક ઉપરાંત સાધન-સામગ્રીના આદાન-પ્રદાનનો લાભ દુનિયાના દરેક નાના-મોટા અને વિકાસશીલ કે શ્રીમંત દેશ, બધાંને મળી શકે. એ જ રીતે અહીં ન્યાત-જાત, કોમ-ધર્મ કે ભાષા ભેદ વચ્ચે આવતાં



નથી. આ પણ બહુ મોટો લાભ ગણાય.અને સ્વામનભેર જીવે છે એવો આનંદ આ દરેક જીજિવિષાને આમ એબિલિટિઝ

ઉપરાંત અશક્ત વ્યક્તિના આત્મવિશ્વાસને ધીંગો બનાવી દે છે. પોતે કમજોર, કમનસીબ કે લાચાર છે એવું લોકો કદી માનતા

**એક અદ્ભૂત સંસ્થા ભારત સહિત દુનિયા આખીમાં સક્રિય છે- "એબિલિટિઝ અનલિમિટેડ."તેનો પરિચય**

નથી. કોઈ એમની પ્રતિ સહાનુભૂતિ કે દયા દાખવી શકે એમ નથી. આ દરેકનો તરવરાટ એમનામાં રહેલી ઊર્જાને સતત વહેતી રાખે છે. પોતે સમાજનું એક અભિન્ન અંગ છે બળકટ કરે છે. આ દરેક કલાકાર હરતી ફરતી એક પ્રેરક સત્યકથા છે. દરેકની જીવનકથા એક યા બીજા સંઘર્ષની વાત છે. સતત સંઘર્ષ કરીને આ લોકો સંજોગો સામે લડી રહ્યા છે. જ્વલંત જીત ન મળે તો કાંઈ નહીં પરંતુ હારવું તો નહીં જ. જોરદાર લડત આપવી, એ જ જાણે એમનો જીવનમંત્ર છે. આપઘાત શબ્દ એમની ડિક્શનરીમાં ગોત્યો જડે એમ નથી. જિંદગી જિંદાદિલીનું

# વિકલાંગ મિત્ર

***વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે. તેના અધિકારોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે.***

વિકલાંગતા કોઈ અભિશાપ નથી, કુદરતી કોપ નથી, પરંતુ માનવ સર્જિત ભૂલોમાંથી ઉત્પન્ન થયેલ એક ઘટના છે, અકસ્માત છે. સમાજે વિકલાંગોની ઘોર ઉપેક્ષા કરી, તિરસ્કાર કરી તેમનું અપમાન ન કરવું જોઈએ. વિજ્ઞાનયુગ અને એમાંય એકવીસમી સદીમાં પણ વિકલાંગતાને અભિશાપ કે કુદરતી કોપ ગણતો સમાજ ખરેખર વિકલાંગ છે, તેની માનસિકતા વિકલાંગ છે. આવા સમાજને વિકલાંગોએ સાધેલી અદ્‌ભૂત પ્રગતિએ જોરદાર લપડાક મારી છે. આવો આપણે વિકલાંગ સમાજને યોગ્ય તક, અવસર આપીને સમાજમાં તેમનું સ્વમાનભેર પુનઃસ્થાપન કરીએ. વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે, માટે તેમના અધિકારોનું રક્ષણ કરી વિકલાંગ સમાજનો સમગ્ર વિકાસ કરવા તથા તેમની ઉપેક્ષા, તિરસ્કાર અને અપમાન ન કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા લઈએ.

ઉત્તરાખંડ રાજ્યના ચાર ધામની યાત્રાએ ગયેલા પ્રવાસીઓ તથા સ્થાનિક લોકો હજારોની સંખ્યામાં મૃત્યુ પામ્યા છે, તેમને "વિકલાંગ મિત્ર" પરિવાર શ્રદ્ધાંજલિ પાઠવે છે. આ કુદરતી આપત્તિના લીધે ઘણા વિકલાંગ થયા હશે અને પહેલેથી ત્યાં નિવાસ કરતા વિકલાંગોની સ્થિતિ ઘણી કફોડી બની હશે. આવા વિકલાંગોને શોધીને તેમની જરૂરિયાતો, સારવાર અને પુનઃસ્થાપન કરવાની માંગ ઉઠવા પામી છે. શું રાજ્ય, કેન્દ્ર સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ તાત્કાલિક અસરથી વિકલાંગોની યોગ્ય જરૂરિયાતો સંતોષવા માટે આગળ આવશે...?

**પૂર્ણ વિરામ...**

ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો...!

- સ્વામી વિવેકાનંદ

## ચરિત્ર વિવેચન સ્પર્ધા-૨૦૧૩નું આયોજન

ગુજરાત રક્તપિત્ત નિવારણ સેવા સંઘ અને કુષ્ઠસેવા ત્રિમાસિક આયોજીત ચરિત્ર વિવેચન સ્પર્ધા-૨૦૧૩નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેની વિગતવાર માહિતી તથા ફોર્મ મેળવવા માટે સંસ્થાના કાર્યાલય "સેવાતીર્થ" ને. હા. ૮, ધનીયાવી બાયપાસ પાસે, આદર્શનગર સામે, તરસાલી, વડોદરા-૩૯૦૦૦૯, ફો.નં. ૦૨૬૫-૨૯૭૪૧૮૬, મો.નં. ૯૮૨૫૪૦૭૬૫૪, ૯૯૦૯૯૦૪૬૫૪ ઉપર સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવ્યું છે. સ્પર્ધામાં ભાગ લેવાની છેલ્લી તારીખ ૧૫-૮-૨૦૧૩ છે, જે ખાસ ધ્યાનમાં લેવા વિનંતી છે.

## બહેરા-મૂંગા શાળા, સોલાનું ગૌરવ

શ્રી કે.એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર, સોલા, અમદાવાદનું એસ.એસ.સી. બોર્ડનું પરિણામ ૧૦૦% આવેલ છે. આ સંસ્થાના મૂક-બધિર બાળકોનું છેલ્લા ચાર વર્ષથી પરિણામ ૧૦૦% આવેલ છે. સંસ્થાના તેજસ્વી મૂક-બધિર બાળકોને ખૂબ-ખૂબ અભિનંદન. આ સંસ્થા મૂક-બધિર બાળકોને શિક્ષણ અને તાલીમ આપી પગભર કરવાનું કાર્ય છેલ્લા પચીસ વર્ષથી વિનામૂલ્યે કરી રહેલ છે. સંસ્થાનો હેતુ મૂક-બધિર બાળકોને શિક્ષણ અને તાલીમ આપી સમાજમાં પુનઃસ્થાપિત કરવાનો છે.

## વિકલાંગોને પ્રેરણા આપતી ફિલ્મો

(૧) બ્લેક (૨) કોશિશ (૩) તારે જમીં પર (૪) ઈકબાલ (૫) દોસ્તી

# અમર લુઈ બ્રેઈલ



આજે વિજ્ઞાનની મદદથી અંધ વ્યક્તિઓ વાંચી લખી શકે છે, પત્તાં અને શેતરંજ વગેરે રમી શકે છે, ઉષ્ણાતામાન અને હવાના દબાણનો આંક વાંચી શકે છે. ભૂગોળ-ભૂમિતિનું જ્ઞાન પણ તેમને સુલભ બન્યું છે. આવું જ્ઞાન આપનાર અંધશાળા અને અંધજનોની મુલાકાત લેનાર કે પરિચયમાં આવનારને માટે કદાચ આ બહુ નવાઈની વાત રહી નહિ હોય, પરંતુ જેઓ આ બાબતથી અજ્ઞાત છે, તેમને અવશ્ય આશ્ચર્ય થશે કે એવો તે શું જાદુ કરવામાં આવતો હશે ? પણ ખરેખર તેમ નથી. આ ચમત્કાર એક એવી અસામાન્ય લિપિને આભારી છે કે જે લિપિની શોધ પાછળ એક નવયુવાનના પરિશ્રમ-પ્રેમી જીવનનું બલિદાન રહેલું છે. આ પરિશ્રમી પુરૂષનું નામ લુઈ બ્રેઈલ હતું.

લુઈ બ્રેઈલનો જન્મ ઈ.સ. ૧૮૦૯ની ૪થી જાન્યુઆરીએ પેરીસથી ૪૭ કિ.મી. દૂર આવેલા "કેપ્રૂ" નામના એક નાનકડા પરગણામાં થયો હતો. કુટુંબના સૌથી નાના બાળક તરીકે જ નહીં, પરંતુ શાંત સ્વભાવ અને તેજસ્વી બુદ્ધિ ધરાવનાર તરીકે લુઈ પિતાનો પ્રેમ સંપાદન કર્યો હતો. તેના પિતાની મનોકામના પુત્રને પોતાના ધંધામાં પાવરધો બનાવવાની હતી. આ ધંધો હતો ઘોડાનાં જીન બનાવવાનો. પણ માનવી ધારે છે તેમ વિધિ હંમેશા વર્તતી નથી. ગૌતમ બુદ્ધનું જીવન તેના પિતાના સ્વપ્ન અનુરૂપ ક્યાં થયું હતું ? એ જ રીતે લુઈના જીવનમાં અસાધારણ ઘટના બની. ત્રણેક વર્ષના લુઈ જીન બનાવવાના સોયાથી રમતાં રમતાં એક આંખ ગુમાવી. અનેક પ્રકારે

અંધ બન્યો. કુટુંબને ખૂબ આઘાત લાગ્યો. આ દૃષ્ટિહીન બાળકના ભાવિની ચિંતા કુટુંબજનોના કાળજાને કોરી ખાતી હતી. લુઈ દૃષ્ટિ ગુમાવી હતી પણ તેની બુદ્ધિપ્રતિભા અને જ્ઞાનભૂખ તો એવી અનામત હતી. એના નાના ભાઈ-બહેન સાથે તે ગામડાની નિશાળમાં ભણવા જવા લાગ્યો. શાળામાં તેને અભ્યાસનિષ્ઠાએ મોખરાનું સ્થાન અપાવ્યું. તેની ગ્રહણશક્તિ અને ધારણા ખૂબ જ પ્રબળ હોવાથી તેને માટે કશું જ અઘરું નહોતું. આધુનિક મનોવૈજ્ઞાનિકો તથા કેળવણીકારો આવી ઊણપવાળાને સર્વાંગી વિકાસ માટે સામાન્ય શાળા-કૉલેજોમાં શિક્ષણ આપવાની હિમાયત કરે છે. આ વૈજ્ઞાનિક સત્યનો વ્યવહારુ પુરાવો લુઈએ પૂરો પાડ્યો છે.

લુઈ પિતાની સતત દેખરેખ અને કાળજીથી નેતરની સોટીની મદદથી ચાલતાં શીખ્યો. પછી તો તેની અડગ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ વધતા ચાલ્યાં. તે સ્વતંત્ર રીતે ખાડા-ટેકરાવાળી જમીન પર લાકડીની મદદથી જ ચાલતો હતો. ૧૦ વર્ષની વયે પેરીસની અંધશાળામાં ખાસ શિક્ષણ માટે દાખલ કરવામાં આવ્યો, ત્યારથી તેનું કાર્યક્ષેત્ર વિશાળ બન્યું. તેનું બુદ્ધિચાતુર્ય અને હસ્તકૌશલ જોઈ શિક્ષકો તાજ્જુબ થઈ જતા. વારંવાર તેને તાળીઓના ગડગડાટ અને હર્ષનાદથી વધાવી લેવામાં આવતો. શાળામાં રહી તેણે ઈતિહાસ, ભૂગોળ, ગણિતશાસ્ત્ર, સંગીત અને હસ્તઉદ્યોગનું સારું જ્ઞાન સંપાદન કર્યું.

લુઈ ભણતો હતો તે શાળામાં અંધ કેળવણીના જનક વેલેન્તાઈન હોવેએ શોધેલી રેખીય લિપિ (રોમન અક્ષરો ઉપસાવીને બનાવેલી) વડે શિક્ષણ આપવામાં આવતું હતું. આ રેખીય લિપિ ફક્ત વાંચવાના ઉપયોગમાં જ લેવાતી. પ્રાથમિક એવી આ પદ્ધતિ વાંચવામાં ખૂબ કઠિન, અધૂરી તથા અવિકસિત હતી. લુઈની ઈચ્છા કોઈ સરળ અને સંપૂર્ણ લિપિ શોધવાની હતી. તેના ચિત્તમાં આ શોધ અને તે દ્વારા અંધજના માટે જ્ઞાનદ્વાર ખોલવાની

ઈ.સ. ૧૮૨૧ની શરૂઆતનો પ્રસંગ લુઈ માટે પ્રેરણારૂપ બની ગયો. શીઘ્રસેના અને દારૂગોળાના માજી ઉપરી ચાર્લ્સ બાર્બેરીયન એક વખત અંધશાળાના ડાયરેક્ટરની મુલાકાતે આવેલા. તેમણે જણાવ્યું કે મોટી સોય(બોડકીન) ની મદદથી કાગળ ઉપર ટપકાં અને રેખા ઉપસાવી એવી સંજ્ઞા બનાવી શકાય છે કે જે સ્પર્શથી વાંચી શકાય છે. આ સંજ્ઞા યુદ્ધના ગુપ્ત સંદેશા માટે ઉપયોગમાં લેવાની શક્યતા બાર્બેરિયનને જણાઈ હતી. સૌને ગમ્મત પડી, પરંતુ ઉપસાવેલાં ટપકાં પર આંગળી ફેરવતાં લુઈના મનમાં એક આશાનું કિરણ ચમક્યું. તે અતિ ઉત્સાહમાં આવી ગયો ને બોલી ઊઠ્યો, "બસ મારે આજ જોઈતું હતું."

લુઈ ટપકાંને લિપિનું રૂપ આપ્યું. લિપિમાં માત્ર બાર ટપકાંનો ઉપયોગ થતો. આંગળીની ટેરવાથી વાંચવાની રહેતી. આમ, ત્રણ વર્ષની વયે અંધ થયેલા લુઈ પંદરમા વર્ષે અંધજનો માટે બ્રેઈલ લિપિ વિકસાવી. જો કે હજુ તે પૂરું અને ચોક્કસ સ્વરૂપ પામી ન હતી. શોધ વખતે લુઈની ઉંમર માત્ર પંદર વર્ષની હતી. શાળાનો અભ્યાસ પૂરો કર્યા બાદ તુરત જ ૧૮૨૮માં તેની શાળામાં તે જુનિયર અધ્યાપક તરીકે નીમાયો હતો. ગણિત અને ભૂગોળ જેવા અઘરા વિષયો શીખવવાની તેની આવડતથી તે વિદ્યાર્થીઓ પર ખૂબ પ્રભાવ પાડી શકતો હતો. દિવસના સતત કામને લીધે તેની પ્રાથમિક સ્વરૂપની શોધને ચોક્કસ આખરી સ્વરૂપ આપવાનો સમય મેળવી શકતો ન હતો. આથી રાતના અંધકારમાં તે અંધજનો માટે ના પ્રકાશને પ્રગટાવવા મથતો હતો. શાળાની રજાઓમાં તે ઘેર આવતો. રજાઓ આરામથી ગાળવાને બદલે ચોક્કસ સાધનો વડે લિપિ માટેનાં ટપકાં ઉપસાવતો. આજુબાજુના લોકો આ જોઈને કહેતા, "જુઓ બ્રેઈલ

પ્રાર્થના પ્રભુએ સાંભળી. આખરે છ ટપકાંવાળી સરળ અને વાંચી લખી શકાય તેવી લિપિને જન્મ આપ્યો. આ ટપકાં ત્રણ ત્રણની ઊભી બે હારમાં ગોઠવી ૬૩ સંજ્ઞાઓ તૈયાર કરી, જેમાં મૂળાક્ષરો, વિરામચિહ્નો અને ગણિતની સંજ્ઞાઓનો સમાવેશ કર્યો છે. આ લિપિનું નામ તેના નામ ઉપરથી "બ્રેઈલ લિપિ" પડ્યું.

બ્રેઈલ લિપિ સંપૂર્ણ સરળ અને શાસ્ત્રીય હોવા છતાં તેના સમકાલીન વિરોધીઓએ આ લિપિને અપનાવી નહિ. આથી લુઈને ખૂબ દુઃખ થયું. ર૬મે વર્ષે તે બીમાર પડ્યો. તેને આરામ લેવાની ફરજ પડી. તેથી ઝડપી પ્રકાશન અંગે કશું ન કરી શક્યો. જ્યારે તે પેરીસ આવ્યો ત્યારે તેનું કાર્ય ફરીથી ચાલું કર્યું. તેની મળતી આ નિષ્ફળતા પાછળ કેટલાક વૈજ્ઞાનિક સ્વાર્થસાધુનું કાવતરું કામ કરતું હતું. આમ છતાં તેને પૂરો આત્મવિશ્વાસ હતો કે એક વખત આ લિપિ તેનું પોત પ્રગટાવશે. અને આમ, અવરોધો વટાવી લિપિ વ્યાપક થઈ ત્યારે ૪૩મા વર્ષે તેનો હંસલો ઊડી ગયો હતો ! ●

ભગવાન માનવીને એક અંગથી વંચિત કરી દે છે, તો બીજી રીતે તેને શક્તિ આપીને પેલી ખોટ ભરપાઈ કરી દે છે.

સોનિકા રાવલ, ઋષભ ભણસાલી અને અમન શાહ, ત્રણેય ગુજરાતી વિદ્યાર્થીઓ છે, જે મૂકબધિર હોવા છતાં પોતાના જીવનને કલા - વ્યવસાયના માધ્યમ દ્વારા નવી દિશા આપી રહ્યા છે.

તેઓ મુંબઈની નિર્મલા નિકેતન પોલીટેકનીકમાં કોમર્શિયલ આર્ટનો ડિગ્રી કોર્સ કરી રહ્યા છે. તેઓ સામાન્ય (નોર્મલ) વિદ્યાર્થીઓ સાથે જ અભ્યાસ કરે છે. તેઓ આગળ જતાં જીવનમાં પગભર થવા માગે છે. અત્યારે તેઓ છેલ્લા વર્ષમાં છે. કૉલેજ તરફથી આપવામાં આવેલ તમામ પ્રોજેક્ટસ તેમણે સફળતાપૂર્વક પૂરા કર્યા છે. તેમની કલાકૃતિઓ કોલેજ દ્વારા યોજાયેલા પ્રદર્શનમાં મૂકાઈ. જેમકે, માટીકામ, વિવિધ મૂર્તિઓ, ફળફળાદિ માટેની બેગ, તથા એડવર્ટાઈઝિંગને લગતા પ્રોજેક્ટસ પણ સાકાર કર્યા છે, ઋષભે ભ્રષ્ટાચાર પર ટૂંકી ફિલ્મ પણ બનાવી છે. કોલેજમાં તેમને શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રેમભર્યો સહકાર આપે છે.

- શ્રી શાંતિલાલ ગઢિયા, વડોદરા

**"વિકલાંગ મિત્ર"ના આજીવન સભ્યશ્રીઓ રૂા. ૧,૦૦૦/-**

(૧) શ્રી સેજલબેન એન. મહેતા, શિક્ષકશ્રી, બહેરા-મૂંગા શાળા, ભાવનગર

(૨) ડૉ. દેવ યોગી, મંગલ જીવન ટ્રસ્ટ, સેંદ્વાણા, તા. સિધ્ધપુર

(૩) શ્રી કનુભાઈ શેલાર, પ્રમુખશ્રી, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ

(૪) શ્રી આશા - વીરન્દ્ર, સાહિત્યકાર, વલસાડ

(૫) પ્રો. રમીલાબેન દેસાઈ, સુરત

આપ પણ બની શકો છો "વિકલાંગ મિત્ર"ના આજીવન સભ્ય. આજીવન સભ્યશ્રીઓને ધન્યવાદ.

● વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- આજીવન લવાજમ રૂા. ૧,૦૦૦/- ચેક / ડ્રાફ્ટ **વિકલાંગ મિત્ર**ના નામનો મોકલવા વિનંતી છે.

તંત્રીશ્રી, **વિકલાંગ મિત્ર**, મુ.પો.માઢી, તા.વિજાપુર,
જિ. મહેસાણા, પી.નં.૩૮૨૮૬૦, મો.નં. ૯૭૨૬૦ ૪૩૯૧૧
ઈ-મેલ :- viklangmitra@yahoo.com

વાત છે છેક ૧૯૫૦ની. દુર્ગાનો ભાઈ વિકલાંગ હતો. દુર્ગા તૈયાર કપડાં લાવતી અને એને પહેરાવવા કોશિશ કરતી, પરંતુ એમ કરવા જતાં એના ભાઈને અકથ્ય વેદના અને અપાર મુશ્કેલી અનુભવવી પડતી. બહેનની આંખો આ જોઈ શકતી નહોતી. ક્યારેક શર્ટ પહેરવામાં ભાઈને જે મુશ્કેલી પડતી એ જોઈને દુર્ગા દુઃખી-દુઃખ થઈ જતી. પણ એક દિવસ એણે વિચાર્યું કે પોતે ભરતગૂંથણમાં કુશળ છે. કપડાં સીવતા આવડે છે તો શા માટે ભાઈને ઓછામાં ઓછી તકલીફ પડે એવા કપડાં ન બનાવું...? એનો વિચાર આગળ વધ્યો. એણે એવા કપડાં બનાવવાનું વિચાર્યું કે જે એનો ભાઈ જાતે પહેરી શકે. આ ઘટનાએ દુર્ગા ગાંગુલીની દુનિયાને નવી ક્ષિતિજો બતાવી. એણે વિકલાંગો માટે ખાસ પ્રકારના વસ્ત્રો તૈયાર કર્યા. એ રીતે એની ડીઝાઈન કરી કે જેથી એ વિકલાંગ એના અશક્ત અંગો દ્વારા જાતે પહેરી શકે. આવા વસ્ત્રોને દુર્ગા સેલ્ફ-હેલ્પ વસ્ત્રો તરીકે ઓળખવા લાગી અને પછી તો એણે પોતાની અનુસ્નાતક ડિગ્રી માટે "શિશુવર્ગમાં અભ્યાસ કરતાં વિકલાંગો માટે સેલ્ફ-હેલ્પ વસ્ત્રો" પર મહાનિબંધ લખી નાખ્યો. લેડી ઈરવીન કોલેજની આ અધ્યાપિકા વિકલાંગોની જરૂરિયાત જાણવા માટે પ્રયાસ કરતી રહી એમને સતત જોતી અને પછી એ એવા વસ્ત્રો બનાવવા લાગી. દુર્ગા ગાંગુલીને માટે આવા વસ્ત્રો ડીઝાઈન કરીને બનાવવા તે ભાવના હતી. આજે તેને માટે એ અભિયાન બની ગયું છે. વ્હીલચેરમાં જીવન ગાળતા વિકલાંગો જાતે વસ્ત્રો પહેરી શકે અને કાઢી શકે એવું આયોજન કર્યું. એનાથી આગળ વધીને હવે તો વિકલાંગો માટે સ્નાન માટેના ગ્લોવ્ઝ, સતત કંપ આવતો હોય તો તેના પર અંકુશ રાખવા માટે વજનદાર બ્રેસલેઢ,અનેક પોકેટોવાળું એપ્રન, લેગ વોરેમર અને ભાંખડીયાભેર ચાલતા લોકો માટે બૂટ વગેરે બનાવ્યા. જેમ જેમ વિકલાંગોની માંગણી આવે તેમ તેમ દુર્ગા ગાંગુલી એ જુદી જુદી ડીઝાઈનો બનાવીને તૈયાર કરે. વારંવાર જેના મુખમાંથી લાળ નીકળતી હોય તે લાળને સમાવી લે તેવો ટુવાલ પણ બનાવ્યો છે. આમાંના ઘણાં વસ્ત્રો તો વિકલાંગ પોતે જ હાથ અને પગને હલાવીને પહેરી શકે તેવા છે. દુર્ગાના કહેવા પ્રમાણે આવા વસ્ત્રો એ વિકલાંગોનીજીવનશૈલીમાં ક્રાંતિકારી પરિવર્તન લાવશે. આવા વસ્ત્રોનો ફેશન શો પણ એની કોલેજમાં યોજાયો હતો. મજાની વાત એ છે કે આને માટે કોઈ જુદી વ્યવસ્થા કરવાને બદલે જ્યાં બીજા વસ્ત્રો વેચાય છે ત્યાં જ આ વેચાય તેવો દુર્ગા આગ્રહ રાખી રહી છે.-

**પ્રીતિબેન શાહ, અમદાવાદ**



## વિકલાંગ વ્યક્તિ દરેક કામ કરી શકે છે.

એક જમાનામાં સમાજ પર બોજારૂપ વિકલાંગ વ્યક્તિ, આજે સમાજમાં કમજોર પણ ઉપયોગી થઈ શકે એવી વ્યક્તિ તરીકેની ઓળખાણ ઉભી કરી છે. આ નવી વાતનું રહસ્ય એ છે કે, વિશ્વના દરેક દેશમાં વિકલાંગ વ્યક્તિઓએ દરેક ક્ષેત્રોમાં અસાધારણ કાર્ય કરીને સમાજમાં સન્માનિત સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ કારણે સમાજના વિકલાંગોને પ્રેરણા મળી છે, પરંતુ સામાન્ય વ્યક્તિની વિકલાંગતા અંગેની માન્યતા બદલી છે. આજે વિશ્વમાં કોઈ એવું કાર્ય નથી બચ્યુ કે જ્યાં કોઈ ને કોઈ વિકલાંગ વિભૂતિઓએ પોતાની અસાધારણ કાર્યકુશળતા દ્વારા અમિટ છાપ છોડી ન હોય...!

**સાહિત્ય :-** ઈંગ્લેન્ડના મિલ્ટન, બાયરન, વાલ્ટર સ્કોટ, યુનાનના હોમર, અમેરિકાના હેલન કેલર, વેદ મહેતા, રશિયામાં નિકોલાઈ આસ્ત્રોવસ્કી, ભારતમાં સંત સૂરદાસ, જાયસી, રઘુવંશ, રાજેન્દ્ર યાદવએ પોત-પોતાની રીતે મનોરંજન અને જ્ઞાનવર્ધક સાહિત્યની રચના કરી છે. નેત્રહીનતા પ્રાચીનકાળમાં હોમરને, મધ્યકાળમાં સંત સૂરદાસ, મિલ્ટનને અને આધુનિક કાળમાં વેદ મહેતાને સાહિત્ય રચનાથી રોકી શકી નથી. વલ્લતોલને વગર સાંભળ્યે સમાજની દરેક ગતિવિધી અને ભાવનાઓ સમજી લઈ એનું સુંદર ચિત્રણ પોતાના ગદ્ય અને પદ્યમાં કર્યું છે. હાથ વગર રઘુવંશે ફક્ત પગ વડે એક પછી એક અનેક રચનાઓ લખી છે.

સંગીત :- બધિર બીથોવન અને અંધ મારિયા થેરેસા વાન પૈરાડીએ મધ્યકાળમાં યુરોપમાં પોતાના સંગીતની ધૂમ મચાવી હતી. અંધ વિષ્ણુ દિગંબર પલુસ્કરે સંગીતને સમાજમાં સન્માનિત સ્થાન અપાવ્યું. કૃષ્ણચંદ્ર ડે અને રવિન્દ્ર જૈનને સંગીતની અનેક વિદ્યાઓમાં પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું છે.

**કલા :-** ચિત્રકળા, મૂર્તિકળામાં અંધ વિનોદ બિહારી મુખોપાધ્યાયને પોતાની અભૂતપૂર્વ પ્રતિભાનું પ્રદર્શન કર્યું છે. બધીર સતિષ ગુજરાલે ચિત્રકલા અને મૂર્તિકલા સિવાય વાસ્તુકલામાં

**અભિનય, નૃત્ય, મોડેલિંગ :-** સુધા ચંદ્રન અને રિતુ રાવલે શારીરિક વિકલાંગતા હોવા છતાં ઉત્કૃષ્ઠ અભિયન કરી બતાવ્યો. અંધ કૃષ્ણચંદ્રન ડે એ થિયેટર તથા સિનેમામાં અભિયન કરી દેખાડ્યો. બધિર બીથોવને પણ રંગમંચ પર અભિનય થોડોક સમય કર્યો હતો.

**રમત-ગમત :-** મૂક-બધિર અંજન ભટ્ટાચાર્ય અને પોલિયોગ્રસ્ત ચંદ્રશેખરે ક્રિકેટમાં નામ કમાયું છે. ટૉમ વ્હાઈટકર એક પગ કપાયા પછી એવરેસ્ટ પર ચઢાણ કર્યું હતું. પ્રખ્યાત વિકલાંગ ઉદ્યોગપતિ અરવિંદ વર્મા તરણ સ્પર્ધામાં રસ ધરાવે છે. આંશિક અંધ જ્યોર્જ અબ્રાહમ નેત્રહીન ક્રિકેટ માટે વિશ્વકપનું સફળ આયોજન કરી દેખાડી આપ્યું છે કે, વિકલાંગો ન સરસ રમી શકે છે. પરંતુ રમત-ગમતનું આયોજન પણ કરી શકે છે.

**સંઘર્ષ :-** સામાન્ય માનવી કરતાં વિકલાંગ માનવીએ પોતાના જીવનમાં વધારે સંઘર્ષ કરવો પડે છે. અને સંઘર્ષ જ એમનું જીવન બની જાય છે. બાયરન ઈંગ્લેન્ડના રહેવાસી હતા અને પછી ગ્રીસમાં રહેતા હતા. એમને ગ્રીસની માટી સાથે પ્રેમ થઈ ગયો હતો. તેમણે સારી એવી કમાણી , સમય અને સ્વાસ્થ્ય ગ્રીસની આઝાદી માટે દાવ પર લગાવ્યું હતું. એમણે પૂર્વ ગ્રીસ અને પશ્ચિમ વચ્ચે ચાલતા વિવાદોને હલ કરીને એકતા માટેના પ્રયાસ કર્યા હતા. શારીરિક વિકલાંગતા હોવા છતાં તોપચી નિયુક્ત કરવા, હથિયારો પહોંચાડવા જેવા કાર્યો કરી બતાવ્યા હતા. આ જ પ્રકારે વાલ્ટર સ્કોટને પોતાના દેશની રક્ષા માટે સામાન્ય માનવી કરતાં વધારે સજાગતા બતાવી હતી. નેત્રહીન મેટકાફને જ્યારે ખબર પડી કે તેની પ્રેમિકાના વિવાહ એની મરજી વિરૂદ્ધ થતાં હતા, ત્યારે ઘોડી પર જઈને લગ્નમંડપમાંથી પોતાની પ્રેમિકાને ઉઠાવી લઈ ગયો હતો. નેત્રહીન બ્રિટીશ સાંસદ હેનરી ફાસેટે આજીવન ગરીબ મજૂરો અને અન્ય ગરીબોના હક અને અધિકારો માટે પોતાનો અવાજ બુલંદ કરતા રહ્યા. તેમણે બ્રિટીશ સરકાર દ્વારા ભારતીયોના શોષણ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો.

અને બીજી વખત વિશ્વયુદ્ધમાં પોતાના દેશ તથા મિત્ર રાષ્ટ્રોનું સફળ નેતૃત્ત્વ કર્યું. જયપાલ રેડ્ડીએ મંત્રીપદના થોડાક સમયમાં કુશળતાપૂર્વક કામ કરી બતાવ્યું છે. ઓમપ્રકાશ કોહલીએ પોતાના પક્ષના સંગઠનમાં તમામ જવાબદારી નિભાવી હતી. હેનરી ફાસેટે બ્રિટનના પોસ્ટ માસ્તર જનરલની જવાબદારી બખૂબી નિભાવી હતી. રાણા સાંગા અને મહારાણા રણજીતસિંહે અન્ય રાજાઓ કરતાં સુંદર રાજય સંચાલન કરી બતાવ્યુ હતું.

**વીરતા, રણકુશળતા, દેશની રક્ષા :-** બીજા વિશ્વયુદ્ધમાં બંને પગ કપાઈ જવા છતાં કૃત્રિમ પગના સહારે વિમાન ઉડાડી મરૈસ્યેવે સાત થી આઠ હવાઈ હુમલામાં અનેક શત્રુ વિમાનોનો નાશ કર્યો હતો. રાણા સાંગા અને મહારાજા રણજીતસિંહની વીરતા જગજાહેર છે.

**વિજ્ઞાન, સંશોધન :-** બધિર થૉમસ એડીસન દુનિયાના સૌથી મોટા સંશોધક મનાય છે. તેમણે ૧૩૦૦થી વધુ સંશોધનો દુનિયોને આપ્યા છે. લુઈ બ્રેઈલે બ્રેઈલલીપિ શોધી. તેમણે રૈફીગ્રાફી પણ વિકસીત કરી, જે ટાઈપરાઈટરના સંશોધન પછી પ્રાસંગિક થઈગઈ. શારીરિક વિકલાંગ સ્ટીફન હોકિંગ્સે બ્રહ્માંડની ઉત્પત્તિ, વિકાસ અને ભવિષ્ય સંબંધિત એક-એક રહસ્ય દુનિયાની સામે બિલકુલ સરળ અને સાદા શબ્દોમાં રાખ્યું છે. અંધ નિકોલસ સૈંડરસને ગણિતમાં પારંગત થવામાં તેમણી નેત્રહીનતા ક્યારેય આડે આવી નથી. હેનરી ફાસેટે અર્થશાસ્ત્રનું ગહન અધ્યયન કર્યું હતું. તેમણે અર્થશાસ્ત્રના પુસ્તકો પણ લખ્યા છે. તે સિવાય મોટી-મોટી કમિટિઓમાં આંકડા એવી સરળ રીતે રજૂ કરતા કે દષ્ટિવાન લોકો ચકિત થઈ જતા હતા.

**વ્યાપાર અને વ્યાપાર વ્યવસ્થા, વહીવટ :-** શારીરિક વિકલાંગ અરવિંદ વર્માએ પોતાની કંપનીના દરેક વિભાગમાં કામ કર્યું અને અત્યારે મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે આજના આર્થિક ઉદારીકરણના યુગમાં પોતાની કંપની સુચારુ રીતે ચલાવી રહ્યા છે.

સમાજ કલ્યાણ વિભાગમાં અનેક પદો પર કુશળતાપૂર્વક કામ કરીને પોતાની યોગ્યતા સિદ્ધ કરી બતાવી છે.

**શિક્ષણ :-** વિકલાંગ વિભૂતિઓએ પોતે શિક્ષિત થઈને પોતાના વિકલાંગ બંધુઓને શિક્ષણ આપી મિશાલ કાયમ કરી છે. અંધ, બહેરા-મૂંગા લારા બ્રિજમેને સાબિત કરી બતાવ્યું છે કે સ્પર્શ અને ગંધના માધ્યમથી શિક્ષણ હાંસલ કરી શકાય છે. લારાએ અનાથ અંધ છોકરી એની સલીવનને શિક્ષણ આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. સલીવને અંધ, બધિર અને શરૂઆતમાં મૂક હેલન કેલરને ન ફક્ત શિક્ષિત કર્યા, પરંતુ એમણે એક આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્ત્વ બનાવવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હતું. લાલબિહારી શાહ, સર કલુથા મૈકેંજી, અમેરિકાના રોબટ બેન્જામિન ઈરવીને વિકલાંગોના શિક્ષણ માટે અસાધારણ અને સફળ પ્રયત્નો કર્યા છે. આ વિભૂતિઓના પ્રયત્નોના ફળસ્વરૂપ આજે દરેક વિકલાંગ શિક્ષણને જરૂરી માને છે. વિકલાંગો માટે ચાલી રહેલી વિવિધ શિક્ષણ સંસ્થાઓના પાયામાં કોઈને કોઈ વિકલાંગ વ્યક્તિનો લોહી-પરસેવો વહ્યો છે જ...!

**વકીલાત :-** અંધજનો માટે અશક્ય ગણાતું વકીલાતના ક્ષેત્રમાં પણ એક પછી એક અંધ વકીલ આવ્યા છે. વિદ્વાન વકીલ એસ.કે.રૂંગટાએ અંધજનોને જાહેર સેવા આયોગની પરીક્ષા આપાવવા એક સફળ કેસ લડ્યા અને સર્વોચ્ચ ન્યાયાલયને ખાસી પ્રભાવિત કરી હતી. સાધન ગુપ્તાએ સાંસદ સિવાય ન્યાયાલયમાં પણ પોતાની પ્રતિભા બતાવી છે. મહિલા અંધ વકીલ અંજલિ અરોરા ન્યાયાલયમાં પોતાની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કરી રહ્યા છે. શારીરિક વિકલાંગ વાલ્ટર સ્કોટ એક સારા સાહિત્યકાર હોવા ઉપરાંત કુશળ વકીલ હતા.

**પત્રકારિતા :-** અંધજન હોવા છતાં વેદ મહેતા વિશ્વના ટોચના પત્રકાર ગણાય છે. ચમન પ્રકાશ શર્માનું

રાયક અંગ્રેજી પત્રિકા વિકલાંગો માટે પ્રસિદ્ધ કરી રહ્યા છે. જાવેદ આબિદીના વિચારોત્તેજક લેખો અવારનવાર મોટા અખબારોમાં છપાતા રહે છે. અનેક વિકલાંગ લેખકો અને પત્રકારો ન ફક્ત વિકલાંગોને પરંતુ સામાન્ય માનવીને પણ વિચારવા મજબૂર કરે છે.

આ પ્રમાણે આપણે જોયું કે વિકલાંગ વ્યક્તિ દરેક વ્યવસાયમાં જે સામાન્ય માનવી કરી શકે છે, તેમાં આગળ છે. એટલું જ નહિ દરેક વ્યવસાયમાં લગભગ દરેક પ્રકારની વિકલાંગતાના ભોગ બનેલ વ્યક્તિઓએ અપવાદના રૂપમાં નહિ, પરંતુ ખૂબજ સુંદર રીતે કાર્ય કર્યું છે.

વિકલાંગ વિભૂતિઓએ પોતાના વ્યવસાયમાં જ નહિ, પરંતુ સમાજ સેવામાં પણ અસાધારણ કાર્ય કર્યું છે. હેલન કેલર દ્વારા વિકલાંગો માટે કરેલા પ્રયત્નો, શાંતિ માટેના પ્રયત્નો. રૂઝવેલ્ટે અમેરિકાને મંદીમાંથી બહાર કાઢવા કરેલા પ્રયત્નો, સંયુક્ત રાષ્ટ્ર સંઘની રચનામાં પ્રમુખ ભૂમિકા નિભાવી હતી. હેનરી ફાસેટ દ્વારા વિકલાંગો સહિત સમાજના તમામ કમજોર વર્ગો માટે કાર્ય કરવા એ એવા કાર્યો છે, જેની તુલના સંસારના શ્રેષ્ઠ માનવ સેવાના પ્રયત્નોથી થઈ શકે છે.

વિકલાંગ વિભૂતિઓએ પોતાના સામાન્ય જીવનમાં સામાન્ય માનવીની રીતે જ સફળતા મેળવી છે. તેમણે પ્રેમ પણ કર્યો છે અને પ્રેમલગ્ન પણ કર્યા છે.જ્યારે કોઈએ તેમની વિકલાંગતાનો લાભ ઉઠાવી તેમની પ્રેમિકાને ઝૂંટવી લેવાનો પ્રયત્ન કર્યો તો તેમણે સામનો પણ કર્યો છે.

ગંભીર વિકલાંગતાવાળા વ્યક્તિઓએ પોતાના દાંપત્યજીવન સુખપૂર્વક પૂરી જવાબદારી સાથે નિભાવ્યું છે.

આથી સાબિત થાય છે કે વિકલાંગ વ્યક્તિ જીવનમાં દરેક કામ કરી શકે છે. ●

**સાભાર-સ્વીકાર**

શ્રી કુલિનકાન્ત લુઢિયા, માનવ જ્યોત, મુંબઈ તરફથી રૂા.૧૦,૦૦૦/- વિકલાંગ મિત્રને

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૯ ● અંક : ૧૧ ● જુલાઈ-૨૦૧૩ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

# કોણ કહે વિકલાંગ... અમારી ઊર્જા અખૂટ અપાર



ધીમે ધીમે ઓડિટોરિયમની લાઈટ્સ ઝાંખી થઈને વીરમી ગઈ. ગાઢ અંધકાર છવાયો...પરદો ઉઘડ્યો. નળાકાર લાંબી ટોપીઓ પહેરેલા કલાકારો પ્રગટ થયા. ગીત-સંગીત અને પ્રતિ ક્ષણે બદલાતી રંગબેરંગી લાઈટ્સ વચ્ચે એમણે સૂફી ડાન્સ રજૂ કર્યો. એ કલાકૃત્તિ માણતાં ઓડિયન્સમાં ઘણાની આંખો ભીની થઈ ગઈ... આટલું વાંચીને તમે ભૂલથી પણ વિચારો કે આમાં શી ધાડ મારી ? એ પહેલાં કહી દઉં : એક્કે-એક ડાન્સર વ્હીલચેરમાં બેસીને ડાન્સ કરતો હતો, પરંતુ આ ડાન્સર્સનો ઉત્સાહ અને થનગનાટ કોઈ પણ સશક્ત કલાકાર કરતાં અનેક ગણા વધુ હતા. જાણે ઊર્જાનો અખૂટ




વંદે પરમાનંદ માધવમ્...જેની કૃપા મૂંગાને બોલતો, પાંગળાને પહાડ ચઢતો કરે છે એવા પરમ આનંદ સ્વરૂપ ભગવાન શ્રી કૃષ્ણને હું પ્રણામ કરું છું. આ શ્લોક ને ચરિતાર્થ થતો જોવો હોય તો આ કહેવાતા વિકલાંગ બાળકોનો ભરતનાટ્યમનો પ્રોગ્રામ એકવાર અચૂક માણવો જોઈએ.

અરૂણિમા સિંહાનો કિસ્સો તાજો છે. ઈન્ડિયન નેશનલ વોલીબોલ ટીમની ભૂતપૂર્વ પ્લેયર આ અરૂણિમાને લૂંટવાનો પ્રયાસ કરનારા ટપોરીને જ્યારે એમ લાગ્યું કે એ સફળ નહીં થાય ત્યારે એણે દિલ્હીમાં અરૂણિમાને દોડતી ટ્રેનમાંથી બહાર ફંગોળી દીધી. પેલીનો એક પગ ટ્રેન નીચે આવી



કરવાનો નિર્ણય લીધો અને પ્રોસ્થેટિક (કૃત્રિમ) પગ પહેરીને ગયા મહિને દરિયાની સપાટીથી ૮,૮૪૮ ફૂટ ઊંચો એવરેસ્ટ સર કરી આવી. આ જેવી તેવી સિદ્ધિ નથી. જન્મજાત કે અરૂણિમાની જેમ આકસ્મિક, એકાદ અંગ ગુમાવનાર વ્યક્તિમાં પણ અખૂટ ઊર્જા હોય છે. એ હકીકત પુરવાર કરતી એક અદ્‌ભૂત સંસ્થા ભારત સહિત દુનિયા આખીમાં સક્રિય છે- ‘‘એબિલિટિઝ અનલિમિટેડ.’’ એનો સરળ ભાવાર્થ આ લેખના હેડિંગમાં ‘‘અખૂટ કે અપાર ઊર્જા’’ એવો કર્યો છે. કાખઘોડી સાથે કે વ્હીલચેરમાં બિરાજેલા આ કલાકારો જ્યારે સ્ટેજ પર ભરતનાટ્યમ્ શૈલીમાં રામાયણ કે મહાભારત પર આધારિત ડાન્સ-ડ્રામા રજૂ કરે ત્યારે જોનારા સ્થળ-કાળનું ભાન ભૂલીને આંખનો



પલકારોય માર્યા વિના જોયા કરે છે. પ્રોગ્રામ પૂરો થાય અને પરદો પડે ત્યારે ઊભા થવાની પણ ઈચ્છા ન રહે એવો કલા-કસબ આ લોકો દેખાડે છે. કોણ કહેશે કે આ કલાકારો અપંગ છે...?

અહીં એક ઔર વાત. એબિલિટિઝ અનલિમિટેડમાં જાણ્યે અજાણ્યે કોમી એખલાસ સિદ્ધ થઈ ચૂક્યો છે. આ બધા કલાકારોને ભરતનાટ્યમ્ જેવી નૃત્યકલા શીખવનાર ગુરુજી પોતે મુસ્લિમ છે. ડૉક્ટર સૈયદ પાશા એમનું નામ. મોટા ભાગના અશક્ત કલાકારો હિન્દુ છે. આ લોકો મળીને રામાયણ-



માત્ર સંગીત-નૃત્ય આધારિત પ્રોગ્રામો જ કરે છે એવું નથી. એ તો દરેક અશક્તને એની ખૂબી - ખામી ધ્યાનમાં રાખીને વિવિધ વ્યવસાયિક અભ્યાસક્રમ પણ કરાવે છે. જેથી સંબંધિત વ્યક્તિ સ્વમાનભેર રોજીરોટી રળી-કમાઈ શકે. આ સંસ્થાએ ઓછામાં ઓછા ડઝનેક વ્યવસાયિક અભ્યાસક્રમો તૈયાર કર્યા છે જે દરેક પ્રકારની શારીરિક અશક્તિ ધરાવતી વ્યક્તિને ઉપયોગી થઈ પડે. બીજો લાભ આ સંસ્થાને એ છે કે એ ન નફો ન નુકશાન ધોરણે ચાલતી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. આંતરરાષ્ટ્રીય હોવાથી વૈચારિક ઉપરાંત સાધન-સામગ્રીના આદાન-પ્રદાનનો લાભ દુનિયાના દરેક નાના-મોટા અને વિકાસશીલ કે શ્રીમંત દેશ, બધાંને મળી શકે. એ જ રીતે અહીં ન્યાત-જાત, કોમ-ધર્મ કે ભાષા ભેદ વચ્ચે આવતાં



નથી. આ પણ બહુ મોટો લાભ ગણાય.અને સ્વામનભેર જીવે છે એવો આનંદ આ દરેક જીજિવિષાને આમ એબિલિટિઝ

ઉપરાંત અશકત વ્યક્તિના આત્મવિશ્વાસને ધીંગો બનાવી દે છે. પોતે કમજોર, કમનસીબ કે લાચાર છે એવું લોકો કદી માનતા

**એક અદ્‌ભૂત સંસ્થા ભારત સહિત દુનિયા આખીમાં સક્રિય છે- “એબિલિટિઝ અનલિમિટેડ.”તેનો પરિચય**

નથી. કોઈ એમની પ્રતિ સહાનુભૂતિ કે દયા દાખવી શકે એમ નથી. આ દરેકનો તરવરાટ એમનામાં રહેલી ઊર્જાને સતત વહેતી રાખે છે. પોતે સમાજનું એક અભિન્ન અંગ છે બળકટ કરે છે. આ દરેક કલાકાર હરતી ફરતી એક પ્રેરક સત્યકથા છે. દરેકની જીવનકથા એક યા બીજા સંઘર્ષની વાત છે. સતત સંઘર્ષ કરીને આ લોકો સંજોગો સામે લડી રહ્યા છે. જ્વલંત જીત ન મળે તો કાંઈ નહીં પરંતુ હારવું તો નહીં જ. જોરદાર લડત આપવી, એ જ જાણે એમનો જીવનમંત્ર છે. આપઘાત શબ્દ એમની ડિક્શનરીમાં ગોત્યો જડે એમ નથી. જિંદગી જિંદાદિલીનું

# વિકલાંગ મિત્ર

***વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે. તેના અધિકારોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે.***

વિકલાંગતા કોઈ અભિશાપ નથી, કુદરતી કોપ નથી, પરંતુ માનવ સર્જિત ભૂલોમાંથી ઉત્પન્ન થયેલ એક ઘટના છે, અકસ્માત છે. સમાજે વિકલાંગોની ઘોર ઉપેક્ષા કરી, તિરસ્કાર કરી તેમનું અપમાન ન કરવું જોઈએ. વિજ્ઞાનયુગ અને એમાંય એકવીસમી સદીમાં પણ વિકલાંગતાને અભિશાપ કે કુદરતી કોપ ગણતો સમાજ ખરેખર વિકલાંગ છે, તેની માનસિકતા વિકલાંગ છે. આવા સમાજને વિકલાંગોએ સાધેલી અદ્‌ભૂત પ્રગતિએ જોરદાર લપડાક મારી છે. આવો આપણે વિકલાંગ સમાજને યોગ્ય તક, અવસર આપીને સમાજમાં તેમનું સ્વમાનભેર પુનઃસ્થાપન કરીએ. વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે, માટે તેમના અધિકારોનું રક્ષણ કરી વિકલાંગ સમાજનો સમગ્ર વિકાસ કરવા તથા તેમની ઉપેક્ષા, તિરસ્કાર અને અપમાન ન કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા લઈએ.

ઉત્તરાખંડ રાજ્યના ચાર ધામની યાત્રાએ ગયેલા પ્રવાસીઓ તથા સ્થાનિક લોકો હજારોની સંખ્યામાં મૃત્યુ પામ્યા છે, તેમને ''વિકલાંગ મિત્ર'' પરિવાર શ્રદ્ધાંજલિ પાઠવે છે. આ કુદરતી આપત્તિના લીધે ઘણા વિકલાંગ થયા હશે અને પહેલેથી ત્યાં નિવાસ કરતા વિકલાંગોની સ્થિતિ ઘણી કફોડી બની હશે. આવા વિકલાંગોને શોધીને તેમની જરૂરિયાતો, સારવાર અને પુનઃસ્થાપન કરવાની માંગ ઉઠવા પામી છે. શું રાજ્ય, કેન્દ્ર સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ તાત્કાલિક અસરથી વિકલાંગોની યોગ્ય જરૂરિયાતો સંતોષવા માટે આગળ આવશે...?

**પૂર્ણ વિરામ...**

ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો...!

- સ્વામી વિવેકાનંદ

## ચરિત્ર વિવેચન સ્પર્ધા-૨૦૧૩નું આયોજન

ગુજરાત રક્તપિત્ત નિવારણ સેવા સંઘ અને કુષ્ઠસેવા ત્રિમાસિક આયોજીત ચરિત્ર વિવેચન સ્પર્ધા-૨૦૧૩નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેની વિગતવાર માહિતી તથા ફોર્મ મેળવવા માટે સંસ્થાના કાર્યાલય ''સેવાતીર્થ'' ને. હા. ૮, ધનીયાવી બાયપાસ પાસે, આદર્શનગર સામે, તરસાલી, વડોદરા-૩૯૦૦૦૯, ફો.નં. ૦૨૬૫-૨૯૭૪૧૮૬, મો.નં. ૯૮૨૫૪૦૭૬૫૪, ૯૯૦૯૯૦૪૬૫૪ ઉપર સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવ્યું છે. સ્પર્ધામાં ભાગ લેવાની છેલ્લી તારીખ ૧૫-૮-૨૦૧૩ છે, જે ખાસ ધ્યાનમાં લેવા વિનંતી છે.

## બહેરા-મૂંગા શાળા, સોલાનું ગૌરવ

શ્રી કે.એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર, સોલા, અમદાવાદનું એસ.એસ.સી. બોર્ડનું પરિણામ ૧૦૦% આવેલ છે. આ સંસ્થાના મૂક-બધિર બાળકોનું છેલ્લા ચાર વર્ષથી પરિણામ ૧૦૦% આવેલ છે. સંસ્થાના તેજસ્વી મૂક-બધિર બાળકોને ખૂબ-ખૂબ અભિનંદન. આ સંસ્થા મૂક-બધિર બાળકોને શિક્ષણ અને તાલીમ આપી પગભર કરવાનું કાર્ય છેલ્લા પચીસ વર્ષથી વિનામૂલ્યે કરી રહેલ છે. સંસ્થાનો હેતુ મૂક-બધિર બાળકોને શિક્ષણ અને તાલીમ આપી સમાજમાં પુનઃસ્થાપિત કરવાનો છે.

## વિકલાંગોને પ્રેરણા આપતી ફિલ્મો

(૧) બ્લેક (૨) કોશિશ (૩) તારે જમીં પર (૪) ઈકબાલ (૫) દોસ્તી



# અમર લુઈ બ્રેઈલ

આજે વિજ્ઞાનની મદદથી અંધ વ્યક્તિઓ વાંચી લખી શકે છે, પત્તાં અને શેતરંજ વગેરે રમી શકે છે, ઉષ્ણાતામાન અને હવાના દબાણનો આંક વાંચી શકે છે. ભૂગોળ-ભૂમિતિનું જ્ઞાન પણ તેમને સુલભ બન્યું છે. આવું જ્ઞાન આપનાર અંધશાળા અને અંધજનોની મુલાકાત લેનાર કે પરિચયમાં આવનારને માટે કદાચ આ બહુ નવાઈની વાત રહી નહિ હોય, પરંતુ જેઓ આ બાબતથી અજ્ઞાત છે, તેમને અવશ્ય આશ્ચર્ય થશે કે એવો તે શું જાદુ કરવામાં આવતો હશે ? પણ ખરેખર તેમ નથી. આ ચમત્કાર એક એવી અસામાન્ય લિપિને આભારી છે કે જે લિપિની શોધ પાછળ એક નવયુવાનના પરિશ્રમ-પ્રેમી જીવનનું બલિદાન રહેલું છે. આ પરિશ્રમી પુરૂષનું નામ લુઈ બ્રેઈલ હતું.

લુઈ બ્રેઈલનો જન્મ ઈ.સ. ૧૮૦૯ની ૪થી જાન્યુઆરીએ પેરીસથી ૪૭ કિ.મી. દૂર આવેલા ''કેપ્રૂ'' નામના એક નાનકડા પરગણામાં થયો હતો. કુટુંબના સૌથી નાના બાળક તરીકે જ નહીં, પરંતુ શાંત સ્વભાવ અને તેજસ્વી બુદ્ધિ ધરાવનાર તરીકે લુઈ પિતાનો પ્રેમ સંપાદન કર્યો હતો. તેના પિતાની મનોકામના પુત્રને પોતાના ધંધામાં પાવરધો બનાવવાની હતી. આ ધંધો હતો ઘોડાનાં જીન બનાવવાનો. પણ માનવી ધારે છે તેમ વિધિ હંમેશા વર્તતી નથી. ગૌતમ બુદ્ધનું જીવન તેના પિતાના સ્વપ્ન અનુરૂપ ક્યાં થયું હતું ? એ જ રીતે લુઈના જીવનમાં અસાધારણ ઘટના બની. ત્રણેક વર્ષના લુઈ જીન બનાવવાના સોયાથી રમતાં રમતાં એક આંખ ગુમાવી. અનેક પ્રકારે

અંધ બન્યો. કુટુંબને ખૂબ આઘાત લાગ્યો. આ દૃષ્ટિહીન બાળકના ભાવિની ચિંતા કુટુંબજનોના કાળજાને કોરી ખાતી હતી. લુઈ દૃષ્ટિ ગુમાવી હતી પણ તેની બુદ્ધિપ્રતિભા અને જ્ઞાનભૂખ તો એવી અનામત હતી. એના નાના ભાઈ-બહેન સાથે તે ગામડાની નિશાળમાં ભણવા જવા લાગ્યો. શાળામાં તેને અભ્યાસનિષ્ઠાએ મોખરાનું સ્થાન અપાવ્યું. તેની ગ્રહણશક્તિ અને ધારણા ખૂબ જ પ્રબળ હોવાથી તેને માટે કશું જ અઘરું નહોતું. આધુનિક મનોવૈજ્ઞાનિકો તથા કેળવણીકારો આવી ઊણપવાળાને સર્વાંગી વિકાસ માટે સામાન્ય શાળા-કૉલેજોમાં શિક્ષણ આપવાની હિમાયત કરે છે. આ વૈજ્ઞાનિક સત્યનો વ્યવહારુ પુરાવો લુઈએ પૂરો પાડ્યો છે.

લુઈ પિતાની સતત દેખરેખ અને કાળજીથી નેતરની સોટીની મદદથી ચાલતાં શીખ્યો. પછી તો તેની અડગ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ વધતા ચાલ્યાં. તે સ્વતંત્ર રીતે ખાડા-ટેકરાવાળી જમીન પર લાકડીની મદદથી જ ચાલતો હતો. ૧૦ વર્ષની વયે પેરીસની અંધશાળામાં ખાસ શિક્ષણ માટે દાખલ કરવામાં આવ્યો, ત્યારથી તેનું કાર્યક્ષેત્ર વિશાળ બન્યું. તેનું બુદ્ધિચાતુર્ય અને હસ્તકૌશલ જોઈ શિક્ષકો તાજ્જુબ થઈ જતા. વારંવાર તેને તાળીઓના ગડગડાટ અને હર્ષનાદથી વધાવી લેવામાં આવતો. શાળામાં રહી તેણે ઈતિહાસ, ભૂગોળ, ગણિતશાસ્ત્ર, સંગીત અને હસ્તઉદ્યોગનું સારું જ્ઞાન સંપાદન કર્યું.

લુઈ ભણતો હતો તે શાળામાં અંધ કેળવણીના જનક વેલેન્તાઈન હોવેએ શોધેલી રેખીય લિપિ (રોમન અક્ષરો ઉપસાવીને બનાવેલી) વડે શિક્ષણ આપવામાં આવતું હતું. આ રેખીય લિપિ ફક્ત વાંચવાના ઉપયોગમાં જ લેવાતી. પ્રાથમિક એવી આ પદ્ધતિ વાંચવામાં ખૂબ કઠિન, અધૂરી તથા અવિકસિત હતી. લુઈની ઈચ્છા કોઈ સરળ અને સંપૂર્ણ લિપિ શોધવાની હતી. તેના ચિત્તમાં આ શોધ અને તે દ્વારા અંધજના માટે જ્ઞાનદ્વાર ખોલવાની

ઈ.સ. ૧૮૨૧ની શરૂઆતનો પ્રસંગ લુઈ માટે પ્રેરણારૂપ બની ગયો. શીઘ્રસેના અને દારૂગોળાના માજી ઉપરી ચાર્લ્સ બાર્બેરીયન એક વખત અંધશાળાના ડાયરેક્ટરની મુલાકાતે આવેલા. તેમણે જણાવ્યું કે મોટી સોય(બોડકીન) ની મદદથી કાગળ ઉપર ટપકાં અને રેખા ઉપસાવી એવી સંજ્ઞા બનાવી શકાય છે કે જે સ્પર્શથી વાંચી શકાય છે. આ સંજ્ઞા યુદ્ધના ગુપ્ત સંદેશા માટે ઉપયોગમાં લેવાની શક્યતા બાર્બેરિયનને જણાઈ હતી. સૌને ગમ્મત પડી, પરંતુ ઉપસાવેલાં ટપકાં પર આંગળી ફેરવતાં લુઈના મનમાં એક આશાનું કિરણ ચમક્યું. તે અતિ ઉત્સાહમાં આવી ગયો ને બોલી ઊઠ્યો, ''બસ મારે આજ જોઈતું હતું.''

લુઈ ટપકાંને લિપિનું રૂપ આપ્યું. લિપિમાં માત્ર બાર ટપકાંનો ઉપયોગ થતો. આંગળીની ટેરવાથી વાંચવાની રહેતી. આમ, ત્રણ વર્ષની વયે અંધ થયેલા લુઈ પંદરમા વર્ષે અંધજનો માટે બ્રેઈલ લિપિ વિકસાવી. જો કે હજુ તે પૂરું અને ચોક્કસ સ્વરૂપ પામી ન હતી. શોધ વખતે લુઈની ઉંમર માત્ર પંદર વર્ષની હતી. શાળાનો અભ્યાસ પૂરો કર્યા બાદ તુરત જ ૧૮૨૮માં તેની શાળામાં તે જુનિયર અધ્યાપક તરીકે નીમાયો હતો.ગણિત અને ભૂગોળ જેવા અઘરા વિષયો શીખવવાની તેની આવડતથી તે વિદ્યાર્થીઓ પર ખૂબ પ્રભાવ પાડી શકતો હતો. દિવસના સતત કામને લીધે તેની પ્રાથમિક સ્વરૂપની શોધને ચોક્કસ આખરી સ્વરૂપ આપવાનો સમય મેળવી શકતો ન હતો. આથી રાતના અંધકારમાં તે અંધજનો માટે ના પ્રકાશને પ્રગટાવવા મથતો હતો. શાળાની રજાઓમાં તે ઘેર આવતો. રજાઓ આરામથી ગાળવાને બદલે ચોક્કસ સાધનો વડે લિપિ માટેનાં ટપકાં ઉપસાવતો. આજુબાજુના લોકો આ જોઈને કહેતા, ''જુઓ બ્રેઈલ

પ્રાર્થના પ્રભુએ સાંભળી. આખરે છ ટપકાંવાળી સરળ અને વાંચી લખી શકાય તેવી લિપિને જન્મ આપ્યો. આ ટપકાં ત્રણ ત્રણની ઊભી બે હારમાં ગોઠવી ૬૩ સંજ્ઞાઓ તૈયાર કરી, જેમાં મૂળાક્ષરો, વિરામચિહ્નો અને ગણિતની સંજ્ઞાઓનો સમાવેશ કર્યો છે. આ લિપિનું નામ તેના નામ ઉપરથી ''બ્રેઈલ લિપિ'' પડ્યું.

બ્રેઈલ લિપિ સંપૂર્ણ સરળ અને શાસ્ત્રીય હોવા છતાં તેના સમકાલીન વિરોધીઓએ આ લિપિને અપનાવી નહિ. આથી લુઈને ખૂબ દુઃખ થયું. ૨૬મે વર્ષે તે બીમાર પડ્યો. તેને આરામ લેવાની ફરજ પડી. તેથી ઝડપી પ્રકાશન અંગે કશું ન કરી શક્યો. જ્યારે તે પેરીસ આવ્યો ત્યારે તેનું કાર્ય ફરીથી ચાલું કર્યું. તેની મળતી આ નિષ્ફળતા પાછળ કેટલાક વૈજ્ઞાનિક સ્વાર્થસાધુનું કાવતરું કામ કરતું હતું. આમ છતાં તેને પૂરો આત્મવિશ્વાસ હતો કે એક વખત આ લિપિ તેનું પોત પ્રગટાવશે. અને આમ, અવરોધો વટાવી લિપિ વ્યાપક થઈ ત્યારે ૪૩મા વર્ષે તેનો હંસલો ઊડી ગયો હતો ! ●

ભગવાન માનવીને એક અંગથી વંચિત કરી દે છે, તો બીજી રીતે તેને શક્તિ આપીને પેલી ખોટ ભરપાઈ કરી દે છે.

સોનિકા રાવલ, ઋષભ ભણસાલી અને અમન શાહ, ત્રણેય ગુજરાતી વિદ્યાર્થીઓ છે, જે મૂકબધિર હોવા છતાં પોતાના જીવનને કલા - વ્યવસાયના માધ્યમ દ્વારા નવી દિશા આપી રહ્યા છે.

તેઓ મુંબઈની નિર્મલા નિકેતન પોલીટેકનીકમાં કોમર્શિયલ આર્ટનો ડિગ્રી કોર્સ કરી રહ્યા છે. તેઓ સામાન્ય (નોર્મલ) વિદ્યાર્થીઓ સાથે જ અભ્યાસ કરે છે. તેઓ આગળ જતાં જીવનમાં પગભર થવા માગે છે. અત્યારે તેઓ છેલ્લા વર્ષમાં છે. કૉલેજ તરફથી આપવામાં આવેલ તમામ પ્રોજેક્ટસ તેમણે સફળતાપૂર્વક પૂરા કર્યા છે. તેમની કલાકૃતિઓ કોલેજ દ્વારા યોજાયેલા પ્રદર્શનમાં મૂકાઈ. જેમકે, માટીકામ, વિવિધ મૂર્તિઓ, ફળફળાદિ માટેની બેગ, તથા એડવર્ટાઈઝિંગને લગતા પ્રોજેક્ટસ પણ સાકાર કર્યા છે, ઋષભે ભ્રષ્ટાચાર પર ટૂંકી ફિલ્મ પણ બનાવી છે. કોલેજમાં તેમને શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રેમભર્યો સહકાર આપે છે.

- શ્રી શાંતિલાલ ગઢિયા, વડોદરા

**"વિકલાંગ મિત્ર"ના આજીવન સભ્યશ્રીઓ રૂા. ૧,૦૦૦/-**

(૧) શ્રી સેજલબેન એન. મહેતા, શિક્ષકશ્રી, બહેરા-મૂંગા શાળા, ભાવનગર
(૨) ડૉ. દેવ યોગી, મંગલ જીવન ટ્રસ્ટ, સેંદ્રાણા, તા. સિધ્ધપુર
(૩) શ્રી કનુભાઈ શેલાર, પ્રમુખશ્રી, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ
(૪) શ્રી આશા - વીરેન્દ્ર, સાહિત્યકાર, વલસાડ
(૫) પ્રો. રમીલાબેન દેસાઈ, સુરત

આપ પણ બની શકો છો ''વિકલાંગ મિત્ર''ના આજીવન સભ્ય. આજીવન સભ્યશ્રીઓને ધન્યવાદ.

● વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- આજીવન લવાજમ રૂા. ૧,૦૦૦/- ચેક / ડ્રાફ્ટ **વિકલાંગ મિત્ર**ના નામનો મોકલવા વિનંતી છે.


તંત્રીશ્રી, **વિકલાંગ મિત્ર**, મુ.પો.માઢી, તા.વિજાપુર,
જિ. મહેસાણા, પી.નં.૩૮૨૮૬૦, મો.નં. ૯૭૨૬૦ ૪૩૯૧૧
ઈ-મેલ :- **viklangmitra@yahoo.com**


વાત છે છેક ૧૯૫૦ની. દુર્ગાનો ભાઈ વિકલાંગ હતો. દુર્ગા તૈયાર કપડાં લાવતી અને એને પહેરાવવા કોશિશ કરતી, પરંતુ એમ કરવા જતાં એના ભાઈને અકથ્ય વેદના અને અપાર મુશ્કેલી અનુભવવી પડતી. બહેનની આંખો આ જોઈ શકતી નહોતી. ક્યારેક શર્ટ પહેરવામાં ભાઈને જે મુશ્કેલી પડતી એ જોઈને દુર્ગા દુઃખી-દુઃખ થઈ જતી. પણ એક દિવસ એણે વિચાર્યુ કે પોતે ભરતગૂંથણમાં કુશળ છે. કપડાં સીવતા આવડે છે તો શા માટે ભાઈને ઓછામાં ઓછી તકલીફ પડે એવા કપડાં ન બનાવું...? એનો વિચાર આગળ વધ્યો. એણે એવા કપડાં બનાવવાનું વિચાર્યુ કે જે એનો ભાઈ જાતે પહેરી શકે. આ ઘટનાએ દુર્ગા ગાંગુલીની દુનિયાને નવી ક્ષિતિજો બતાવી. એણે વિકલાંગો માટે ખાસ પ્રકારના વસ્ત્રો તૈયાર કર્યા. એ રીતે એની ડીઝાઈન કરી કે જેથી એ વિકલાંગ એના અશક્ત અંગો દ્વારા જાતે પહેરી શકે. આવા વસ્ત્રોને દુર્ગા સેલ્ફ-હેલ્પ વસ્ત્રો તરીકે ઓળખવા લાગી અને પછી તો એણે પોતાની અનુસ્નાતક ડિગ્રી માટે ''શિશુવર્ગમાં અભ્યાસ કરતાં વિકલાંગો માટે સેલ્ફ-હેલ્પ વસ્ત્રો'' પર મહાનિબંધ લખી નાખ્યો. લેડી ઈરવીન કોલેજની આ અધ્યાપિકા વિકલાંગોની જરૂરિયાત જાણવા માટે પ્રયાસ કરતી રહી એમને સતત જોતી અને પછી એ એવા વસ્ત્રો બનાવવા લાગી. દુર્ગા ગાંગુલીને માટે આવા વસ્ત્રો ડીઝાઈન કરીને બનાવવા તે ભાવના હતી. આજે તેને માટે એ અભિયાન બની ગયું છે. વ્હીલચેરમાં જીવન ગાળતા વિકલાંગો જાતે વસ્ત્રો પહેરી શકે અને કાઢી શકે એવું આયોજન કર્યું. એનાથી આગળ વધીને હવે તો વિકલાંગો માટે સ્નાન માટેના ગ્લોવ્ઝ, સતત કંપ આવતો હોય તો તેના પર અંકુશ રાખવા માટે વજનદાર બ્રેસલેઢ,અનેક પોકેટોવાળું એપ્રન, લેગ વોરેમર અને ભાંખડીયાભેર ચાલતા લોકો માટે બૂટ વગેરે બનાવ્યા. જેમ જેમ વિકલાંગોની માંગણી આવે તેમ તેમ દુર્ગા ગાંગુલી એ જુદી જુદી ડીઝાઈનો બનાવીને તૈયાર કરે. વારંવાર જેના મુખમાંથી લાળ નીકળતી હોય તે લાળને સમાવી લે તેવો ટુવાલ પણ બનાવ્યો છે. આમાંના ઘણાં વસ્ત્રો તો વિકલાંગ પોતે જ હાથ અને પગને હલાવીને પહેરી શકે તેવા છે. દુર્ગાના કહેવા પ્રમાણે આવા વસ્ત્રો એ વિકલાંગોનીજીવનશૈલીમાં ક્રાંતિકારી પરિવર્તન લાવશે. આવા વસ્ત્રોનો ફેશન શો પણ એની કોલેજમાં યોજાયો હતો. મજાની વાત એ છે કે આને માટે કોઈ જુદી વ્યવસ્થા કરવાને બદલે જ્યાં બીજા વસ્ત્રો વેચાય છે ત્યાં જ આ વેચાય તેવો દુર્ગા આગ્રહ રાખી રહી છે.-

**પ્રીતિબેન શાહ, અમદાવાદ**




## વિકલાંગ વ્યક્તિ દરેક કામ કરી શકે છે.

એક જમાનામાં સમાજ પર બોજારૂપ વિકલાંગ વ્યક્તિ, આજે સમાજમાં કમજોર પણ ઉપયોગી થઈ શકે એવી વ્યક્તિ તરીકેની ઓળખાણ ઉભી કરી છે. આ નવી વાતનું રહસ્ય એ છે કે, વિશ્વના દરેક દેશમાં વિકલાંગ વ્યક્તિઓએ દરેક ક્ષેત્રોમાં અસાધારણ કાર્ય કરીને સમાજમાં સન્માનિત સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ કારણે સમાજના વિકલાંગોને પ્રેરણા મળી છે, પરંતુ સામાન્ય વ્યક્તિની વિકલાંગતા અંગેની માન્યતા બદલી છે. આજે વિશ્વમાં કોઈ એવું કાર્ય નથી બચ્ચુ કે જ્યાં કોઈ ને કોઈ વિકલાંગ વિભૂતિઓએ પોતાની અસાધારણ કાર્યકુશળતા દ્વારા અમિટ છાપ છોડી ન હોય...!

**સાહિત્ય :-** ઈંગ્લેન્ડના મિલ્ટન, બાયરન, વાલ્ટર સ્કોટ, યુનાનના હોમર, અમેરિકાના હેલન કેલર, વેદ મહેતા, રશિયામાં નિકોલાઈ આસ્ત્રોવસ્કી, ભારતમાં સંત સૂરદાસ, જાયસી, રઘુવંશ, રાજેન્દ્ર યાદવએ પોત-પોતાની રીતે મનોરંજન અને જ્ઞાનવર્ધક સાહિત્યની રચના કરી છે. નેત્રહીનતા પ્રાચીનકાળમાં હોમરને, મધ્યકાળમાં સંત સૂરદાસ, મિલ્ટનને અને આધુનિક કાળમાં વેદ મહેતાને સાહિત્ય રચનાથી રોકી શકી નથી. વલ્લતોલને વગર સાંભળ્યે સમાજની દરેક ગતિવિધી અને ભાવનાઓ સમજી લઈ એનું સુંદર ચિત્રણ પોતાના ગદ્ય અને પદ્યમાં કર્યું છે. હાથ વગર રઘુવંશે ફક્ત પગ વડે એક પછી એક અનેક રચનાઓ લખી છે.

**સંગીત :-** બધિર બીથોવન અને અંધ મારિયા થેરેસા વાન પૈરાડીએ મધ્યકાળમાં યુરોપમાં પોતાના સંગીતની ધૂમ મચાવી હતી. અંધ વિષ્ણુ દિગંબર પલુસ્કરે સંગીતને સમાજમાં સન્માનિત સ્થાન અપાવ્યું. કૃષ્ણચંદ્ર ડે અને રવિન્દ્ર જૈનને સંગીતની અનેક વિદ્યાઓમાં પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું છે.

**કલા :-** ચિત્રકળા, મૂર્તિકળામાં અંધ વિનોદ બિહારી મુખોપાધ્યાયને પોતાની અભૂતપૂર્વ પ્રતિભાનું પ્રદર્શન કર્યું છે. બધીર સતિષ ગુજરાલે ચિત્રકલા અને મૂર્તિકલા સિવાય વાસ્તુકલામાં

**અભિનય, નૃત્ય, મોડેલિંગ :-** સુધા ચંદ્રન અને રિતુ રાવલે શારીરિક વિકલાંગતા હોવા છતાં ઉત્કૃષ્ઠ અભિયન કરી બતાવ્યો. અંધ કૃષ્ણચંદ્રન ડે એ થિયેટર તથા સિનેમામાં અભિયન કરી દેખાડ્યો. બધિર બીથોવને પણ રંગમંચ પર અભિનય થોડોક સમય કર્યો હતો.

**રમત-ગમત :-** મૂક-બાધિર અંજન ભટ્ટાચાર્ય અને પોલિયોગ્રસ્ત ચંદ્રશેખરે ક્રિકેટમાં નામ કમાયું છે. ટૉમ વ્હાઈટકર એક પગ કપાયા પછી એવરેસ્ટ પર ચઢાણ કર્યું હતું. પ્રખ્યાત વિકલાંગ ઉદ્યોગપતિ અરવિંદ વર્મા તરણ સ્પર્ધામાં રસ ધરાવે છે. આંશિક અંધ જ્યોર્જ અબ્રાહમ નેત્રહીન ક્રિકેટ માટે વિશ્વકપનું સફળ આયોજન કરી દેખાડી આપ્યું છે કે, વિકલાંગો ન સરસ રમી શકે છે. પરંતુ રમત-ગમતનું આયોજન પણ કરી શકે છે.

**સંઘર્ષ :-** સામાન્ય માનવી કરતાં વિકલાંગ માનવીએ પોતાના જીવનમાં વધારે સંઘર્ષ કરવો પડે છે. અને સંઘર્ષ જ એમનું જીવન બની જાય છે. બાયરન ઈંગ્લેન્ડના રહેવાસી હતા અને પછી ગ્રીસમાં રહેતા હતા. એમને ગ્રીસની માટી સાથે પ્રેમ થઈ ગયો હતો. તેમણે સારી એવી કમાણી , સમય અને સ્વાસ્થ્ય ગ્રીસની આઝાદી માટે દાવ પર લગાવ્યું હતું. એમણે પૂર્વ ગ્રીસ અને પશ્ચિમ વચ્ચે ચાલતા વિવાદોને હલ કરીને એકતા માટેના પ્રયાસ કર્યા હતા. શારીરિક વિકલાંગતા હોવા છતાં તોપચી નિયુક્ત કરવા, હથિયારો પહોંચાડવા જેવા કાર્યો કરી બતાવ્યા હતા. આ જ પ્રકારે વાલ્ટર સ્કોટને પોતાના દેશની રક્ષા માટે સામાન્ય માનવી કરતાં વધારે સજાગતા બતાવી હતી. નેત્રહીન મેટકાફને જ્યારે ખબર પડી કે તેની પ્રેમિકાના વિવાહ એની મરજી વિરૂદ્ધ થતાં હતા, ત્યારે ઘોડી પર જઈને લગ્નમંડપમાંથી પોતાની પ્રેમિકાને ઉઠાવી લઈ ગયો હતો. નેત્રહીન બ્રિટીશ સાંસદ હેનરી ફાસેટે આજીવન ગરીબ મજૂરો અને અન્ય ગરીબોના હક અને અધિકારો માટે પોતાનો અવાજ બુલંદ કરતા રહ્યા. તેમણે બ્રિટીશ સરકાર દ્વારા ભારતીયોના શોષણ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો.

અને બીજી વખત વિશ્વયુદ્ધમાં પોતાના દેશ તથા મિત્ર રાષ્ટ્રોનું સફળ નેતૃત્ત્વ કર્યું. જયપાલ રેડ્ડીએ મંત્રીપદના થોડાક સમયમાં કુશળતાપૂર્વક કામ કરી બતાવ્યું છે. ઓમપ્રકાશ કોહલીએ પોતાના પક્ષના સંગઠનમાં તમામ જવાબદારી નિભાવી હતી. હેનરી ફાસેટે બ્રિટનના પોસ્ટ માસ્તર જનરલની જવાબદારી બખૂબી નિભાવી હતી. રાણા સાંગા અને મહારાણા રણજીતસિંહે અન્ય રાજાઓ કરતાં સુંદર રાજ્ય સંચાલન કરી બતાવ્યુ હતું.

**વીરતા, રણકુશળતા, દેશની રક્ષા :-** બીજા વિશ્વયુદ્ધમાં બંને પગ કપાઈ જવા છતાં કૃત્રિમ પગના સહારે વિમાન ઉડાડી મરૈસ્યેવે સાત થી આઠ હવાઈ હુમલામાં અનેક શત્રુ વિમાનોનો નાશ કર્યો હતો. રાણા સાંગા અને મહારાજા રણજીતસિંહની વીરતા જગજાહેર છે.

**વિજ્ઞાન, સંશોધન :-** બધિર થૉમસ એડીસન દુનિયાના સૌથી મોટા સંશોધક મનાય છે. તેમણે ૧૩૦૦થી વધુ સંશોધનો દુનિયોને આપ્યા છે. લુઈ બ્રેઈલે બ્રેઈલલીપિ શોધી. તેમણે રૈફીગ્રાફી પણ વિક્સીત કરી, જે ટાઈપરાઈટરના સંશોધન પછી પ્રાસંગિક થઈગઈ. શારીરિક વિકલાંગ સ્ટીફન હોકિંગ્સે બ્રહ્માંડની ઉત્પત્તિ, વિકાસ અને ભવિષ્ય સંબંધિત એક-એક રહસ્ય દુનિયાની સામે બિલકુલ સરળ અને સાદા શબ્દોમાં રાખ્યું છે. અંધ નિકોલસ સૌંડરસને ગણિતમાં પારંગત થવામાં તેમણી નેત્રહીનતા ક્યારેય આડે આવી નથી. હેનરી ફાસેટે અર્થશાસ્ત્રનું ગહન અધ્યયન કર્યું હતું. તેમણે અર્થશાસ્ત્રના પુસ્તકો પણ લખ્યા છે. તે સિવાય મોટી-મોટી કમિટિઓમાં આંકડા એવી સરળ રીતે રજૂ કરતા કે દષ્ટિવાન લોકો ચકિત થઈ જતા હતા.

**વ્યાપાર અને વ્યાપાર વ્યવસ્થા, વહીવટ :-** શારીરિક વિકલાંગ અરવિંદ વર્માએ પોતાની કંપનીના દરેક વિભાગમાં કામ કર્યું અને અત્યારે મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે આજના આર્થિક ઉદારીકરણના યુગમાં પોતાની કંપની સુચારું રીતે ચલાવી રહ્યા છે.

સમાજ કલ્યાણ વિભાગમાં અનેક પદો પર કુશળતાપૂર્વક કામ કરીને પોતાની યોગ્યતા સિદ્ધ કરી બતાવી છે.

**શિક્ષણ :-** વિકલાંગ વિભૂતિઓએ પોતે શિક્ષિત થઈને પોતાના વિકલાંગ બંધુઓને શિક્ષણ આપી મિશાલ કાયમ કરી છે. અંધ, બહેરા-મૂંગા લારા બ્રિજમેને સાબિત કરી બતાવ્યું છે કે સ્પર્શ અને ગંધના માધ્યમથી શિક્ષણ હાંસલ કરી શકાય છે. લારાએ અનાથ અંધ છોકરી એની સલીવનને શિક્ષણ આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. સલીવને અંધ, બધિર અને શરૂઆતમાં મૂક હેલન કેલરને ન ફક્ત શિક્ષિત કર્યા, પરંતુ એમણે એક આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્ત્વ બનાવવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હતું. લાલબિહારી શાહ, સર કલુથા મૈકેંજી, અમેરિકાના રોબટ બેન્જામિન ઈરવીને વિકલાંગોના શિક્ષણ માટે અસાધારણ અને સફળ પ્રયત્નો કર્યા છે. આ વિભૂતિઓના પ્રયત્નોના ફળસ્વરૂપ આજે દરેક વિકલાંગ શિક્ષણને જરૂરી માને છે. વિકલાંગો માટે ચાલી રહેલી વિવિધ શિક્ષણ સંસ્થાઓના પાયામાં કોઈને કોઈ વિકલાંગ વ્યક્તિનો લોહી-પરસેવો વહ્યો છે જ...!

**વકીલાત :-** અંધજનો માટે અશકય ગણાતું વકીલાતના ક્ષેત્રમાં પણ એક પછી એક અંધ વકીલ આવ્યા છે. વિદ્વાન વકીલ એસ.કે.રૂંગટાએ અંધજનોને જાહેર સેવા આયોગની પરીક્ષા આપાવવા એક સફળ કેસ લડ્યા અને સર્વોચ્ચ ન્યાયાલયને ખાસી પ્રભાવિત કરી હતી. સાધન ગુપ્તાએ સાંસદ સિવાય ન્યાયાલયમાં પણ પોતાની પ્રતિભા બતાવી છે. મહિલા અંધ વકીલ અંજલિ અરોરા ન્યાયાલયમાં પોતાની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કરી રહ્યા છે. શારીરિક વિકલાંગ વાલ્ટર સ્કોટ એક સારા સાહિત્યકાર હોવા ઉપરાંત કુશળ વકીલ હતા.

**પત્રકારિતા :-** અંધજન હોવા છતાં વેદ મહેતા વિશ્વના ટોચના પત્રકાર ગણાય છે. ચમન પ્રકાશ શર્માનું

રોચક અંગ્રેજી પત્રિકા વિકલાંગો માટે પ્રસિદ્ધ કરી રહ્યા છે. જાવેદ આબિદીના વિચારોત્તેજક લેખો અવારનવાર મોટા અખબારોમાં છપાતા રહે છે. અનેક વિકલાંગ લેખકો અને પત્રકારો ન ફક્ત વિકલાંગોને પરંતુ સામાન્ય માનવીને પણ વિચારવા મજબૂર કરે છે.

આ પ્રમાણે આપણે જોયું કે વિકલાંગ વ્યક્તિ દરેક વ્યવસાયમાં જે સામાન્ય માનવી કરી શકે છે, તેમાં આગળ છે. એટલું જ નહિ દરેક વ્યવસાયમાં લગભગ દરેક પ્રકારની વિકલાંગતાના ભોગ બનેલ વ્યક્તિઓએ અપવાદના રૂપમાં નહિ, પરંતુ ખૂબજ સુંદર રીતે કાર્ય કર્યું છે.

વિકલાંગ વિભૂતિઓએ પોતાના વ્યવસાયમાં જ નહિ, પરંતુ સમાજ સેવામાં પણ અસાધારણ કાર્ય કર્યું છે. હેલન કેલર દ્વારા વિકલાંગો માટે કરેલા પ્રયત્નો, શાંતિ માટેના પ્રયત્નો. રૂઝવેલ્ટે અમેરિકાને મંદીમાંથી બહાર કાઢવા કરેલા પ્રયત્નો, સંયુક્ત રાષ્ટ્ર સંઘની રચનામાં પ્રમુખ ભૂમિકા નિભાવી હતી. હેનરી ફાસેટ દ્વારા વિકલાંગો સહિત સમાજના તમામ કમજોર વર્ગો માટે કાર્ય કરવા એ એવા કાર્યો છે, જેની તુલના સંસારના શ્રેષ્ઠ માનવ સેવાના પ્રયત્નોથી થઈ શકે છે.

વિકલાંગ વિભૂતિઓએ પોતાના સામાન્ય જીવનમાં સામાન્ય માનવીની રીતે જ સફળતા મેળવી છે. તેમણે પ્રેમ પણ કર્યો છે અને પ્રેમલગ્ન પણ કર્યા છે.જ્યારે કોઈએ તેમની વિકલાંગતાનો લાભ ઉઠાવી તેમની પ્રેમિકાને ઝૂંટવી લેવાનો પ્રયત્ન કર્યો તો તેમણે સામનો પણ કર્યો છે.

ગંભીર વિકલાંગતાવાળા વ્યક્તિઓએ પોતાના દાંપત્યજીવન સુખપૂર્વક પૂરી જવાબદારી સાથે નિભાવ્યું છે.

આથી સાબિત થાય છે કે વિકલાંગ વ્યક્તિ જીવનમાં દરેક કામ કરી શકે છે. ●

### સાભાર-સ્વીકાર

શ્રી કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ તરફથી રૂા.૧૦,૦૦૦/- વિકલાંગ મિત્રને